
ગુજરાત ગાર્ડિયન
તા.૪-૦૭-૨૦૨૧

# સમાજના સર્વાંગી વિકાસના આગ્રહી કેપી ગ્રુપના ફારૂક પટેલ કોરોનાકાળના મૌન સેવાવ્રતધારી

## સમગ્ર માનવજાત માટે અનુકંપા ધરાવતા ફારૂક પટેલ પવન અને સૌર ઊર્જા ઉત્પાદન ક્ષેત્ર સાથે સંકળાયેલા છે, પરંતુ કુદરતી મહામારીના સમયે તેમણે પોતાની તમામ 'ઊર્જા' માનવસેવા માટે કામે લગાડી દીધી હતી



KP HUMAN DEVELOPMENT FOUNDATION
REG. NO. 082643
A-1/2, Firdous Tower, Adajan Patia, Surat.
Ph.0261 2764757

કોરોનાકાળમાં સંકટમાં ઘેરાયેલા લોકોને સહારો આપવા અને આર્થિક સહિતની મદદ પહોંચાડવા અનેક વ્યક્તિગત અને સેવાભાવી સંસ્થાઓ આગળ આવી હતી, આવી અનેક સંસ્થાઓ પૈકી સુરતની સોલાર અને વિન્ડ એનર્જી ક્ષેત્રે ગુજરાતમાં આગલી હરોળમાં નામ પ્રસ્થાપિત કરનાર સુરતના સફળ ઉદ્યોગપતિ ફારુકગુલામ પટેલના કેપીગ્રુપ દ્વારા ન્યાતજાતના ભેદભાવ વગર કોરોનાપીડિતોને સાધન અને તબીબ સેવાઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી હતી.

ફારુક ગુલામ પટેલની સંસ્થાએ માનવીય સેવા કરવા કોઈ સીમાડા નક્કી કર્યા નહોતા. સુરત, ભરૂચ, ભાવનગર, અમદાવાદ અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં કોરોનાપીડિતોની જરૂરિયાતો પૂરી પાડી હતી અને હાલમાં પણ આ માનવસેવાનું કાર્ય ચાલી રહ્યું છે.

મૂળભૂત રીતે પવન અને સૂર્ય ઊર્જા ઉત્પાદન ક્ષેત્ર સાથે સંકળાયેલા ફારુક ગુલામ પટેલની કેપીગ્રુપ ઓફ કંપનીઝ પ્રારંભથી જ સમાજસેવા માટે ફંડ ફાળવતી આવી છે. કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર)ની જવાબદારી હેઠળ માત્ર તબીબી જ નહીં, શૈક્ષણિક, સમાજ ઉત્થાન, છેવાડાના લોકોના સ્વાવલંબન માટેનાં સાધનો અને પર્યાવરણની જાળવણી સહિતની ફરજ કાયમી ધોરણે અદા કરવામાં આવે છે. પરંતુ કુદરતનો કોપ અને કોરોનાની મહામારી સામે જ્યારે પ્રત્યેક માણસ, પરિવાર, વ્યવસ્થાતંત્ર બધાં જ લાચાર હતાં આવા સમયે કેપીગ્રુપ દ્વારા માનવીય સેવાનો હાથ લંબાવવામાં આવ્યો હતો. કોઈપણ પ્રકારની પ્રસિદ્ધિથી દૂર રહીને લોકોનાં આંસુ લૂંછવા અને જરૂરી મદદ પહોચાડવા કેપી ગ્રુપ ઓફ કંપનીઝ દ્વારા યોગદાન આપવામાં આવ્યું હતું.

લોકડાઉન અને ત્યારબાદ કોરોનાની મહામારીમાં ઘેરાયેલા લોકોને દવા, તબીબી સાધનો ઉપરાંત ફૂડ પેકેટ્સ, રાશનકિટ, સવાર-સાંજનું ભોજન, લંગર, અનાજ, કરિયાણું વગેરે જરૂરિયાતમંદ લોકોને ચૂપચાપ પહોંચતું કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સરકારના રાહતફંડમાં પણ આર્થિક યોગદાન આપવામાં આવ્યું હતું. સમાજ સેવાનાં કાર્યમાં ફારુક પટેલની સાથે ગ્રુપના ઓલટાઈમ ડિરેકટર સોહેલ ડભોયા, આશિષ મીઠાણી, અફફાન ફારુક પટેલ, સરફરાઝ પટેલ, રફીક બર્મા, જાવેદ પટેલ, ઈમરાન પટેલ, કેપીએચના ડિરેક્ટર ધીમંત જોષી, અફરાઝ શેખ, મુસ્તાક શેખ અને સ્વયંસેવકો દિવસરાત દોડતા રહ્યા હતા. કેપી હ્યુમન ફાઉન્ડેશન દ્વારા વર્લ્ડ ભરૂચી વ્હોરા ફેડરેશન અને સુરતી ભરૂચી વ્હોરા ફેડરેશન સાથે મળીને સતત બે માસ સુધી ચાલે તેટલા પ્રમાણમાં અનાજ, કરિયાણાનો જથ્થો જરૂરિયાતમંદ પરિવારોને પહોંચતો કરવામાં આવ્યો હતો.



સંવેદનાની સંજીવની

### બાયપેપ મશીન અને ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીન ડોનેટ કરાયાં

કોવિડ-19ની મહામારીનો બીજો વેવ માર્ચ-એપ્રિલ-2021માં ફરી આવ્યો. આ ઘાતક વેવમાં અનેક લોકોએ પોતાના સ્વજનો ગુમાવ્યા. હોસ્પિટલોમાં જગ્યાઓ ખૂટી પડી. ત્યારે કેટલાક સમાજ દ્વારા કોવિડ આઈસોલેશન સેન્ટર શરૂ કરાયાં. સુરત હાલાઈ મેમણ જમાત દ્વારા પણ ચોકબજાર ખાતે આવું જ એક સેન્ટર શરૂ કરાયું તેમાં કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશને ત્રણ બાયપેપ મશીન ભેટ આપ્યાં હતાં. ઉપરાંત ફારુક પટેલ જે સમાજના પ્રમુખ છે તે ભરુચી વ્હોરા પટેલ સુરત ફેડરેશન દ્વારા પણ સુરત હાલાઈ મેમણ સમાજના કોવિડ સેન્ટરમાં એક બાયપેપ તેમજ રાંદેર ખાતે ચાલી રહેલા નાના એન્ડ આરએસવીપી યુકે ચેરિટેબલ હોસ્પિટલમાં પણ એક બાયપેપ મશીન અને ત્રણ ઓક્સિજન બોટલ કિટનું દાન આપવામાં આવ્યું હતું. ઉપરાંત સુરતની સૂફી હોસ્પિટલ ખાતે બે, ઉનના મદ્રેસા મજલિસે દાવતુલ હક ખાતે બે અને સુરત જનરલ હોસ્પિટલ ખાતે 1 ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીન ભેટ અપાયાં હતાં

### મેડિકલ ડિસ્પેન્સરી સાથેની શબવાહિની ભેટ આપી

કે.પી. હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા ગુલશન એ અમાદ ટ્રસ્ટને એક મેડિકલ ડિસ્પેન્સરી સાથેની શબવાહિની 30 મે 2021ના રોજ ભેટ આપી.. ગુજરાત ભાજપના પ્રમુખ અને નવસારી લોકસભાના સાંસદ સી. આર. પાટીલના હસ્તે તેને લોકસેવા કાજે પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ શબવાહિની અને મેડિકલ ડિસ્પેન્સરી તમામ ધર્મ-જાતિના ભેદભાવ વિના ઉપયોગમાં લેવામાં આવશે.

### કેદીઓને પણ સહાય કરી


કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા કોરોનાકાળમાં કેદીઓનું પણ ધ્યાન રાખવામાં આવ્યું હતું. જેલ પ્રશાસનની પરવાનગી સાથે સુરતની લાજપોર સેન્ટ્રલ જેલમાં બંધ હિન્દુ કેદીઓ શ્રાવણ મહિનામાં ઉપવાસ કરી શકે તે માટે ફરાળ તેમજ ફળફળાદિની વ્યવસ્થા કરી આપી, તો રમઝાન માસ દરમિયાન મુસ્લિમ કેદીઓ માટે સેહરી તેમજ ઈફતારી માટેની ખાદ્ય સામગ્રી, શરબત, ફળો પૂરાં પાડ્યાં હતાં. રમઝાન ઈદની ઉજવણીરૂપે સૈવૈયા દૂધ પણ તમામ કેદીભાઈઓ માટે પીરસવામાં આવ્યું. લગાતાર બે વર્ષથી આ કામ કેપીએચ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

### સેન્ટ્રલ જેલમાં 3 ઓટોમેટિક રોટી મેકર મશીન અને 2 લોટ બાંધવાનાં મશીન ભેટ કરાયાં

કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા લાજપોર સેન્ટ્રલ જેલમાં રૂ. સવા લાખ જેટલી માતબર રકમના લોટ બાંધવાના બે મશીન અને પોણા ત્રણ લાખની કિંમતનું એક એવા કુલ ત્રણ ઓટોમેટિક રોટી મેકર મશીન કોરોનાકાળ દરમિયાન જ ભેટ કરાયાં હતાં. એક કલાકમાં 1000 જેટલી રોટલી બનાવતાં ત્રણ ઓટોમેટિક રોટી મેકર મશીન ભેટ અપાયાં હતા. જેલ અધિકારી આઈપીએસ મનોજ નિનામાએ આ મશીન આપવા અને શ્રાવણ-રમઝાનની સેવા બદલ કેપીએચના ડિરેક્ટર ફારુક ગુલામ પટેલનું સન્માન પણ કર્યું હતું.










## ભૂખ્યાને ભોજન, ગરીબ પરિવારોને રાશન, બીમાર લોકોને તબીબી સારવાર, સરકારના ફંડમાં પણ યોગદાન હૉસ્પિટલ્સમાં સાધન સહાય અને વિદ્યાર્થીઓને આર્થિક સહયોગ આપીને માનવતાનાં કાર્યોમાં સુવાસ ફેલાવી હતી

## વગર કારણે સજા ભોગવતાં માસૂમ ભુલકાંઓ સાથે કેદીઓને મુક્ત કરાવ્યા; વેક્સિનેશનને પ્રોત્સાહન આપવા ઈનામોની જાહેરાત

### પાંચ માસુમ ભુલકાઓ સહિત કેદીઓને મુક્ત કરાવ્યા

કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશને કોરોનાકાળમાં માનવીય અભિગમ અપનાવી સુરતની લાજપોર સેન્ટ્રલ જેલમાં વર્ષોથી બંધ કેટલાક કેદીઓની વ્હારે આવ્યું હતું. વર્ષોથી નજીવી દંડની રકમ ન ભરી શકવાને કારણે જેલમાં બંધ હતા. ખાસ વાત એ છે મુક્ત કરાવેલાં કુલ 15 વ્યક્તિ પૈકી 9 મહિલાઓ હતી અને તેમાં પણ ત્રણ મહિલાઓનાં પાંચ નાનાં બાળકો મજબૂરીવશ જેલમાં જીવન વિતાવી રહ્યાં હતા. કેપી હ્યુમને આ તમામનો મળી રૂ. 500થી લઈને રૂ. 25000નો દંડ ભર્યો. આમ કુલ બેથી ત્રણ લાખની રકમ ભરીને તમામ કાચા અને પાકા કામનાં કેદીને જેલમુક્ત કરાવ્યા. ઘણાં કેદીઓ દંડ નહીં ભરી શકવાને કારણે બે વર્ષથી પાંચ વર્ષ સુધીના સમયગાળા દરમિયાન જેલમાં બંધ હતા.

### પર્યાવરણનુ જતન પણ કરાય છે, વડાપ્રધાન અને મુખ્યમંત્રી હવે પ્રશંસા કરી

કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન પર્યાવરણ જાળવણી અંગે પણ કામ કરે છે. કેપી ગ્રુપે કંપનીએ વર્ષ 2017માં એક લાખ વૃક્ષોનું વાવેતર કરવાનું અભિયાન શરૂ કર્યું. સાથોસાથ દરિયાઈ પટ્ટી પર સુનામી જેવી આપદાથી રક્ષણ મળી શકે અને દરિયાઈ વિસ્તારનાં ગામોનું ધોવાણ ન થાય અને જમીનમાં ખારાશ ન આવે તે માટે મેન્ગ્રુજનું વાવેતર શરૂ કર્યું. આ કામની પ્રશંસા કરતા પત્રો મુખ્યમંત્રી વિજય રુપાણી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાઠવ્યા હતા. કેપી એનર્જીને મેન્ગ્રુજના વાવેતર માટે મેન્ગ્રુજ સોસાયટી ઓફ ઈન્ડિયા તરફથી મેમ્બરશિપ એવોર્ડ ગોવામાં આયોજિત કાર્યક્રમમાં એનાયત કરાયો છે.

## ભરૂચ વેલ્ફેરના પ્રાંગણમાં કોવિડ કેર સેન્ટર ઊભું કરવામાં કેપી હ્યુમને મદદ કરી



ભરૂચ વેલ્ફેર હોસ્પિટલના પ્રાંગણમાં પહેલી લહેરમાં જ શરૂ કરવામાં આવેલા 69 બેડના કોવિડ કેર સેન્ટર 15 દિવસમાં તૈયાર કરવામાં આવ્યું હતું, જેમાં કે.પી. હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન અને કેપી ગ્રુપની મહત્વની ભૂમિકા રહી. કેપી હ્યુમનની ટીમે અહીં 24 કલાક કામગીરી કરાવીની સાથે વિના મૂલ્યે કોવિડ દર્દીઓની સેવા કરવા સેન્ટર કાર્યરત કરાવવામાં ભૂમિકા ભજવી હતી. 19 લાખના ખર્ચે તૈયાર થયેલા આ કોવિડ કેર સેન્ટર માટે કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશને રૂ. પાંચ લાખનું દાન પણ આપ્યું.

ઉપરાંત ફારુક પટેલ જેમાં ડિરેક્ટર છે તે વર્લ્ડ ભરૂચી વ્હોરા ફેડરેશન દ્વારા પણ કોરોનાકાળ દમરિયાન ખૂબ જ ઉમદા કાર્ય કરવામાં આવ્યું હતું. આ ટ્રસ્ટના વર્લ્ડ પ્રમુખ ઐયુબ આકુજી, ઈન્ડિયાના પ્રમુખ આદમભાઈ, ડિરેક્ટર યુનુસ અમદાવાદી, નાસીર પટેલ, હનીફ મેટ્રિક્સ તથા સમાજના અન્ય સભ્યોના સહયોગથી ભરૂચ જિલ્લાનાં પ્રત્યેક ગામડાઓમાં પહોંચે તે રીતે ઓક્સિજન બેંક શરૂ કરી હતી, સરકારી હોસ્પિટલોમાં પીપીઈ કિટ, મેડિકલ કિટ, માસ્ક એનાયત કરાયા, મૃતદેહોની અંતિમ વિધિ કરી અને સેનેટાઈઝર મશીન આપ્યા, ગરીબોને હજારોની સંખ્યામાં અનાજ કિટ પહોંચાડી, રમઝાન માસની કિટ પહોંચાડવા સહિતનું કામ કર્યું અને આજ દિન સુધી થઈ રહ્યું છે. હાલ બીજી લહેરમાં પણ વીવીયુકે અને ખૈર ફાઉન્ડેશન, યુકેની મદદથી 77 ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીન ભરૂચ જિલ્લા, સુરત, મુંબઈ અને દિલ્હીમાં દાન કરાયાં.






## રસીકરણ માટે પ્રોત્સાહનઃ ભરૂચી સમાજમાં વધુ માત્રામાં વેક્સિનેશન થશે તો ડ્રો કરી રૂ.11,000નું ઈનામ અપાશે

16 જૂનના રોજ ભરૂચના દયાદરામાં વર્લ્ડ ભરૂચી વ્હોરા પટેલ ફેડરેશન (WBVF) દ્વારા કોરોના સામે રક્ષણ મેળવવા માટે સમાજમાં મોટા પ્રમાણમાં રસીકરણ થાય તે માટે જાગૃતિ અભિયાન શરૂ કરાયું. WBVF ડાયરેક્ટર અને કેપી ગ્રુપના સી.એમ.ડી. ફારુક પટેલે તેમના ટ્રસ્ટ કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન તરફથી વધુ માત્રામાં વેક્સિનેશન થાય તે માટે પ્રોત્સાહનરૂપે ઈનામની જાહેરાત કરી હતી. શ્રી પટેલે કહ્યું હતું કે, સમાજમાં 50 હજાર લોકો રસી લે તો ડ્રો કરીને 11 વ્યક્તિને રૂ. 11000 નું રોકડ ઈનામ અપાશે. આંકડો વધે તેમ ડ્રો ની સંખ્યા વધારાશે. સમાજના એક લાખ લોકો રસી લેશે તો 25 લોકોને અને સવા લાખ થાય તો 35 લોકોને ડ્રો મારફતે રોકડ ઈનામ અપાશે.





## ગરીબ બાળકોની સ્કૂલ-ફીની જવાબદારી ઉઠાવી

ઉપરાંત કેપી હ્યુમન સુરતના શાહપોરમાં આવેલી કે.એસ. જોશી ગર્લ્સ સ્કૂલની 10 ગરીબ- અનાથ વિદ્યાર્થીઓની ફી ભરવાની જવાબદારી ઉપાડી રહ્યું છે. એંગ્લો ઉર્દૂ સ્કૂલનાં કેટલાંક બાળકોની ફી અદા કરવામાં આવી રહી છે. હાલમાં એંગ્લો ઉર્દૂ શાળાને શૈક્ષણિક વર્ષ દરમિયાન રૂ. 21 લાખનું દાન આપવાની ઘોષણા તેઓએ કરી હતી. પોરબંદર, ભાવનગર, માતલપોર, રાતડી વગેરે વિસ્તારની 16 શાળાઓની સ્કૂલોના ડેવલપમેન્ટની જવાબદારી ઉપાડી લીધી છે.

ફારુક પટેલ પ્રોગ્રેસિવ મુસ્લિમ એજ્યુકેશન ટ્રસ્ટ (પીમેટ) ના પણ પ્રમુખ હોવાથી અહીં પણ સી.એ., એન્જિનિયરિંગ, મેડિકલ-પેરામેડિકલનો અભ્યાસ કરનારા તેમજ આઈએએસ-આઈપીએસ બનવા માટે ટ્રેનિંગ લેનારા કેટલાક વિદ્યાર્થીઓને દત્તક લઈને તેઓને આગળ વધારી રહ્યાં છે. આ ટ્રસ્ટ તમામ વિદ્યાર્થીઓને ફ્રીમાં તાલીમ આપે છે. કોરોનાકાળ દરમિયાન ઓનલાઈન એજ્યુકેશન તેઓને મળી રહે તે માટે 70 ટેબ્લેટ વિનામૂલ્યે અપાયાં હતાં. તે માટે પણ કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા રૂ. 3 લાખ 13 હજાર 625 જેટલી માતબર રાશિની મદદ પૂરા પાડી હતી. ફારુક પટેલ મુસ્લિમ બ્રધરહૂડ લાઈબ્રેરીના પણ પ્રમુખ છે અને અહીં ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છનારા વિદ્યાર્થીઓને વિના મૂલ્યે વાંચવા માટે પુસ્તકો પૂરાં પડાય છે. સમાજના ઉચ્ચ અભ્યાસ કરનારા 268 વિદ્યાર્થીઓને રૂ. 40 લાખની શિષ્યવૃત્તિ આ ટ્રસ્ટે એનાયત કરી હતી.